રાજયના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરવા અંગે.

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૪/૧૦/૨૦૧૭.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ડાયરેકટર જનરલ, ડી.જી.એસ.એન્ડ.ડી., મીનીસ્ટ્રી ઓફ કોમર્સનો તા.૭/૧૦/૨૦૧૬નો ડી.ઓ. પત્ર ક્રમાંકઃ૩૫૮૪/જીઇએમ/ડી.જી.એસ.એન્ડ.ડી./૨૦૧૬.

(૨) સચિવશ્રી, મીનીસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ભારત સરકારનો તા.૭/૬/૨૦૧૭ નો ડી.ઓ. પત્ર ક્રમાંકઃ પ્રોક.રીફોમર્સ-૧૭-એમ.ઓ.યુ.-૨૦૧૭-આરએનએલ.

(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગનો તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-(બો/કોર્પો.)-ચ.

(૪) નાણા વિભાગનો તા.૧૨/૯/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃજીએફઆર-૧૦૨૦૧૭-૮૦૫-૪૧૮૦૪૪-ઝ.

<u>આમુખઃ-</u>

ભારત સરકારના નિર્દેશ અનુસાર ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલની ડી.જી.એસ.એન્ડ.ડી. દ્વારા નેશનલ ઇ-ગર્વનન્સ ડીવીઝનની સહાયથી રચના કરવામાં આવેલ છે. ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ એ સરકારી ખરીદીઓ માટેનું સંપૂર્ણપણે ઓનલાઇન સેવા પૂરી પાડતુ પોર્ટલ છે. પ્રસ્તુત પોર્ટલ શ્રેષ્ઠ કાર્યક્ષમતા તેમજ પારદર્શીતા પૂરી પાડે છે.

પ્રસ્તુત બાબતે ભારત સરકારના ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલના ઉપયોગ માટે રાજય સરકાર વતી ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.), ભારત સરકાર સાથે તા.૧૧/૭/૨૦૧૭ના રોજ એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

ચીજવસ્તુઓ તેમજ સેવાઓ પૂરી પાડતા રાજયના સ્થાનિક ઉત્પાદક તેમજ વિક્રેતાઓના હિતમાં તેમજ આવા સ્થાનિક ઉત્પાદક તેમજ વિક્રેતાઓ પાસેથી જ વધુમાં વધુ સરકારી ખરીદી થઇ શકે તે હેતુને ધ્યાને લઇ રાજય સરકારના તમામ વિભાગો, ખાતાના વડાની કચેરીઓ, ક્ષેત્રીય કચેરીઓ તેમજ રાજયના વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત રાજયના આવા વધુમાં વધુ સ્થાનિક વિક્રેતાઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ ઉપર રજીસ્ટ્રેશન કરાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા તેમજ તેમના રજીસ્ટ્રેશનની કાર્યવાહી માટે જરૂરી તમામ પ્રયત્નો/સહાયતા કરવા જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજય સરકારના તમામ રાજયના બોર્ડ/કોર્પોરેશન/સોસાયટીઓ/કંપનીઓ/સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત તેમની જરૂરીયાત અનુસાર વિવિધ ખરીદીઓ કરવામાં આવે છે. જે અંગે ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક(૩) થી જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

રાજય સરકારના વહીવટી વિભાગો તેમજ ખાતાના વડાની કચેરીઓ અને જીલ્લા તાલુકા કક્ષાની કચેરીઓ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ પણ તેમના દ્વારા કરાતી ખરીદીઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત કરે તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

આથી પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારના તમામ વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ વિગેરે દ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત તેમની જરૂરીયાત અનુસાર કરવામાં આવતી તમામ ખરીદીઓ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (જી.ઇ.એમ.) પોર્ટલ મારફત જ નીચેની પ્રક્રિયા અનુસરીને કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

- રજીસ્ટ્રેશન

Government e-Marketplace (GeM) ઉપર રજીસ્ટ્રેશન કરાવવા અંગે પૂર્વ જરૂરીયાત તરીકે રજીસ્ટ્રેશન કરાવનાર સંબંધિત તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા અગાઉથી નેશનલ ઇન્ફોર્મેટીક સેન્ટર (NIC) પાસેથી પોતાના હોદ્દાને અનુરૂપ સરકારી ઇમેઇલ એડ્રેસ મેળવી લેવાનું રહેશે.

Government e-Marketplace (GeM) ઉપર સક્ષમ સત્તા ધરાવતા અધિકારીશ્રી સંબંધિત વહીવટી વિભાગો, ખાતાના વડાઓ તેમજ જિલ્લા, તાલુકા કચેરીઓ વિગેરે દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે